


| ટીમ | મેચ | જીત | હાર | NR | પોઈન્ટ | રન રેટ |
|---|---|---|---|---|---|---|
| GT | 11 | 08 | 03 | 00 | 16 | 0.793 |
| RCB | 11 | 08 | 03 | 00 | 16 | 0.482 |
| PBKS | 11 | 07 | 03 | 01 | 15 | 0.376 |
| MI | 12 | 07 | 05 | 00 | 14 | 1.156 |
| DC | 11 | 06 | 04 | 01 | 13 | 0.362 |
| KKR | 12 | 05 | 06 | 01 | 11 | 0.173 |
| LSG | 11 | 05 | 06 | 00 | 10 | -0.469 |
| SRH | 11 | 03 | 07 | 01 | 07 | -1.192 |
| RR | 12 | 03 | 09 | 00 | 06 | -0.718 |
| CSK | 12 | 03 | 09 | 00 | 06 | -0.992 |

# ભારતના ઓપરેશનને લીધે પીએસએલ પર સંકટ

**કરાચી** કિંગ્સ અને પેશાવર ઝાલ્મી વચ્ચેની મેચ પાછી ઠેલાઈ

**વિદેશી** ખેલાડીઓ પણ તનાવમાં ઘરભેગા થવા માગે છે



કરાચી, તા. 8 : ભારતના ઓપરેશનને લીધે પીએસએલ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. રદ કરવી પડે કે બીજે રમાડવી પડે એવી સ્થિતિ છે. પાકિસ્તાન સુપર લીગ (પી. એસ. એલ.)ની એક મેચનું પુનર્નિર્ધારણ કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમમાં ભાગ લેનારા વિદેશી ખેલાડીઓએ પોતાના દેશમાં જવાના તેમના વિકલ્પો પર વિચાર કર્યો હતો, જ્યારે પી. સી. બી. એ તેને ચાલુ રાખવા કે નહીં તે અંગે મૂંઝવણમાં મુકાઈ ગયું હતું. પી. એસ. એલ., એક ટી-20 લીગ જે આઈ.પી. એલ. ફોર્મેટને અનુસરે છે, તેમાં છ ફ્રેન્ચાઈઝીઓ છે અને તે 18 મેના રોજ લાહોરમાં સમાપ્ત થવાની છે. તે હાલમાં તેના રાવલપિંડી તબક્કામાં હતી પરંતુ કરાચી કિંગ્સ અને પેશાવર ઝાલ્મી વચ્ચેની આજની રાતની મેચને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પી. સી. બી.) દ્વારા અનિશ્ચિત તારીખ માટે ફરીથી નિર્ધારિત કરવામાં આવી છે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે તમામ હિતધારકો સાથે પરામર્શ કરીને આજે રાત્રે પેશાવર ઝાલ્મી અને કરાચી કિંગ્સ વચ્ચેની એચબીએલ પીએસએલ એક્સ મેચનું પુનર્નિર્ધારણ કરવાનો નિર્ણય લીધો છે. પી. સી. બી. યોગ્ય સમયે સુધારેલી તારીખની જાહેરાત કરશે ", એમ ક્રિકેટ બોર્ડે એક મીડિયા નિવેદનમાં જણાવ્યું હતું.

ભારતીય ડ્રોન અને મિસાઈલ હુમલા, જેમણે અત્યાર સુધીમાં લાહોર અને રાવલપિંડીને નિશાન બનાવ્યા છે, તે 22 એપ્રિલના પહેલગામ આતંકવાદી હુમલાના બદલામાં છે, જેમાં 26 લોકો માર્યા ગયા હતા.

આજની રાતની મેચને બાજુએ રાખીને, આ સિઝનમાં લીગનું ભવિષ્ય હાલમાં નિરાશાજનક લાગે છે કારણ કે વિદેશી ખેલાડીઓ બંને પડોશીઓ વચ્ચે લશ્કરી તણાવને કારણે સુરક્ષાની સ્થિતિને લઈને ચિંતિત છે.

'ધ ટેલિગ્રાફ' ના એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ઈંગ્લેન્ડના ખેલાડીઓ, જેમણે લીગ માટે સાઈન અપ કર્યું છે, તેઓ "પાકિસ્તાનમાં રહીને ક્રિકેટ રમવા કે નહીં તે અંગે વિભાજિત છે".

"ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ અને પ્રોફેશનલ ક્રિકેટર્સ એસોસિએશને પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા માટે બુધવારે સવારે ઈમરજન્સી કોલ કર્યો. આ તબક્કે ખેલાડીઓને ઘરે આવવાની સલાહ આપવામાં આવી રહી નથી.

"જ્યારે મોટાભાગના ખેલાડીઓ હાલમાં પાકિસ્તાનમાં રહેવાનો ઈરાદો ધરાવે છે, પણ એવું મનાય છે કે ઘણા તેમના વિકલ્પો શોધી રહ્યા છે અને ઘરે પરત ફરી શકે છે". ઈંગ્લેન્ડના સાત ખેલાડીઓ જેમ્સ વિન્સ, ટોમ કરન, સેમ બિલિંગ્સ, ક્રિસ જોર્ડન, ડેવિડ વિલી, લ્યુક વુડ અને ટોમ કોહલર-કેડમોર આ વર્ષની પીએસએલમાં રમી રહ્યા છે.

ઈંગ્લેન્ડના કોચ રવિ બોપારા અને એલેક્ઝાન્ડ્રા હાર્ટલી પણ ચાલુ લીગમાં સામેલ છે. પીએસએલમાં ભાગ લેનારા અન્ય હાઈ-પ્રોફાઈલ સ્ટાર્સમાં ડેવિડ વોર્નર (કરાચી કિંગ્સ), જેસન હોલ્ડર (ઈસ્લામાબાદ યુનાઈટેડ) અને રાસી વાન ડેર ડુસેન (ઈસ્લામાબાદ યુનાઈટેડ) સામેલ છે. પી.એસ. એલ.ના સી.ઈ.ઓ. સલમાન નસીરે રાવલપિંડીમાં વિદેશી ખેલાડીઓને મળ્યા હતા અને તેમને ખાતરી આપી હતી કે ચિંતા કરવાની કોઈ વાત નથી કારણ કે પી.સી.બી. પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે.

## સોશિયલ મીડિયામાં દાવો: રાવલપિંડી સ્ટેડિયમ ભારતના ડ્રોન હુમલામાં તબાહ

સોશિયલ મીડિયામાં આવી દાવો કરવામાં આવી રહ્યો છે કે ભારતની સેનાના ડ્રોન હુમલામાં પાકિસ્તાનના રાવલપિંડી શહેરમાં આવેલી નેશનલ ક્રિકેટ સ્ટેડિયમ આનો શિકાર થઇ ગયું. રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ પર આજે રાતે 8 વાગ્યે થઇ રહેલા પાકિસ્તાન સુપર લીગના મેચ કરતાં થોડા કલાકો પહેલા ડ્રોન હુમલો થયો. સ્ટેડિયમમાં આજે પેશાવર જાલમી અને કરાચી કિંગ્સ વચ્ચે મેચ હતી. તેમ છતાં ભારતીય સરકારએ આ બાબતની હજુ સુધી પુષ્ટી નથી કરી. મીડિયાનાં અહેવાલો મુજબ, આ હુમલામાં સ્ટેડિયમની છત, વી.આઇ.પી. બોક્સ અને મીડિયા ગેલેરી સંપૂર્ણ રીતે વિનાશ પામ્યા છે.

# વરુણ ચક્રવર્તીને તેની મેચ ફીના 25 ટકા દંડ

**સીએચકે** સામેની મેચમાં કેકેઆરના ચક્રવર્તીએ 52 રને આઉટ કર્યા પછી ડેવાલ્ડ બ્રુઇસને મેદાન છોડી જવાનો ઇશારો કર્યો હતો



કોલકાતા, તા. 8 (પીટીઆઈ)

ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચ દરમિયાન આઈપીએલ આચારસંહિતાના ભંગ બદલ કોલકાતા નાઈટ રાઈડર્સના સ્પિનર વરુણ ચક્રવર્તીને તેની મેચ ફી ના 25 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે અને એક ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે. પ્લોઅફની દોડમાંથી બહાર થઈ ચૂકેલી સીએસકેએ બુધવારે ઈડન ગાર્ડન્સ ખાતે ઘરેલુ ટીમને બે વિકેટથી હરાવીને અજિંક્ય રહાણેની ટીમની ટોચના ચારમાં સ્થાન મેળવવાની આશા પર પાણી ફેરવી દીધું હતું. આઈપીએલના નિવેદનમાં ઘટનાનો ઉલ્લેખ કર્યા વિના જણાવાયું છે કે, ''વરુણ ચક્રવર્તીએ કલમ 2.5 હેઠળ લેવલ 1ના ગુનાનો સ્વીકાર કર્યો છે અને મેચ રેફરીની સજા સ્વીકારી છે. આચારસંહિતાના લેવલ 1ના ભંગ બદલ મેચ રેફરીના નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.'' કલમ 2.5 કોઈપણ ખેલાડી દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ભાષા, ક્રિયા અથવા હાવભાવને લગતી છે અને તે બેટ્સમેનને આઉટ થયા પછી નિર્દેશિત કરવામાં આવે છે, જે આઉટ થયેલા બેટ્સમેન તરફથી આક્રમક પ્રતિક્રિયા ઉશ્કેરવાની સંભાવના છે. બે વિકેટ લેનારા ચક્રવર્તીએ 52 રને આઉટ કર્યા પછી ડેવાલ્ડ બ્રુઈસને મેદાન છોડી જવાનો ઈશારો કર્યો હતો. દક્ષિણ આફ્રિકાના આ ખેલાડીની અડધી સદીએ સીએસકેની જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# આરસીબી આજે એલએસજી સામે પ્લે ઓફમાં સ્થાન નક્કી કરવા મથશે

**ટુર્નામેન્ટમાં** જીવંત રહેવા એલએસજીએ આજે જીતવું પડશે મેચનો આરંભ સાંજે 7:30થી

**ઇજાગ્રસ્ત** દેવદત્ત પડિક્કલના સ્થાને મયંક અગ્રવાલ



લખનૌ, તા. 8 શુક્રવારે અહીં ઈન્ડિયન પ્રીમિયર લીગમાં બંને વચ્ચે મુકાબલો થશે ત્યારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર પ્લે-ઓફ ક્વોલિફિકેશન સુરક્ષિત કરવા માંગશે, જ્યારે સંઘર્ષ કરી રહેલી લખનૌ સુપર જાયન્ટ્સ ટુર્નામેન્ટમાં જીવંત રહેવાનું લક્ષ્ય રાખશે. એલ.એસ.જી.ના સુકાની ઋષભ પંત પર દરેક પસાર થતી રમત સાથે દબાણ વધી રહ્યું છે, તેની રનની અછત ટુર્નામેન્ટના અંતમાં ટીમના પતન સાથે મેળ ખાય છે.

એલ. એસ. જી. તેની છેલ્લી પાંચ રમતોમાંથી ચાર હારી ગઈ છે અને જો તેઓ તેમની બાકીની ત્રણ રમતો જીતે તો માત્ર 16 પોઈન્ટ સુધી પહોંચી શકે છે. પ્લે-ઓફની રેસમાં 18 એ વધુ સુરક્ષિત નંબર છે અને આરસીબી તેની છેલ્લી છમાંથી પાંચ મેચ જીત્યા પછી ત્યાં પહોંચવા માટે મથશે.

આઈ.પી.એલ.ની હરાજીમાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડી બનેલા પંતે અત્યાર સુધીની આ સીઝન ભૂલી જવા જેવી રહી છે. તેણે વિવિધ સ્થાનો પર બેટિંગ કરવાનો પ્રયાસ કર્યો છે પરંતુ સાતત્ય તેને મળ્યું નથી. તેનો 99.92 સ્ટ્રાઈક રેટ આ સિઝનમાં તેના સંઘર્ષોનો સારાંશ આપે છે.

એલએસજીએ તેમના ટોચના ત્રણ ખેલાડીઓ પર ઘણો આધાર રાખ્યો છે, જેમાં મિશેલ માર્શ, એડેન માર્કરામ અને નિકોલસ પૂરનનો સમાવેશ થાય છે.

પરંતુ જો તેઓ ટૂર્નામેન્ટમાં વધુ આગળ વધવા માંગતા હોય તો તેમણે ફેરફાર કરવો પડશે.

"સ્વપ્ન હજુ જીવંત છે. જો અમે આગામી ત્રણ મેચ જીતવા જઈ રહ્યા છીએ, તો અમે ચોક્કસપણે તેને બદલી શકીશું. જ્યારે તમારો ટોપ ઓર્ડર ખરેખર સારી બેટિંગ કરી રહ્યો હોય ત્યારે તે અર્થપૂર્ણ બને છે. દરેક મેચમાં તમે આશા રાખી શકતા નથી કે તેઓ સારું પ્રદર્શન કરશે ", ધર્મશાળામાં પંજાબ કિંગ્સ સામેની હાર બાદ પંતે કહ્યું.

પોતાને માટે માયાવી ખિતાબનો પીછો કરતા, બીજી તરફ, આરસીબીએ આઈપીએલના ઈતિહાસમાં તેના સૌથી પ્રોફેશનલ અભિયાનમાંથી એકનો આનંદ માણ્યો છે.

મયંક અગ્રવાલ આ સિઝનમાં પોતાની જાતને પુનઃસ્થાપિત કરી એવા ઈજાગ્રસ્ત દેવદત્ત પડિક્કલના સ્થાને ટીમમાં જોડાયો છે.

**મેચનો આરંભ: સાંજે 7:30થી**

## અનુસંધાન... પાના પહેલાનું

### તમામ મિસાઇલો...

રહેવાસીઓને સલામત સ્થળે આશ્રય લેવાની ચેતવણી આપવામાં આવી હતી. પશ્ચિમી સરહદે અનેક સ્થળે પાકિસ્તાને ડ્રોન વડે પણ હુમલા કર્યા હોવાના અહેવાલો છે જે હુમલાઓ નિષ્ફળ બનાવાયા હતા.

### યુદ્ધ જેવી સ્થિતિ...

ઓછી આઠ મિસાઈલોને સફળતાપૂર્વક અટકાવી હતી.

આ મિસાઈલોને સતવારી (જમ્મુ એરપોર્ટ), સામ્બા, આર. એસ. પુરા અને અરનિયા સહિત મુખ્ય સ્થળોએ નિશાન બનાવવામાં આવી હતી.

બે મોટા વિસ્ફોટો બાદ અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જવાને કારણે જમ્મુ શહેર અંધારામાં ડૂબી ગયું હતું, જે સંભવતઃ ઘૂસણખોરી કરતા ડ્રોનના અવરોધનું પરિણામ હતું. તે પછી તરત જ, સમગ્ર શહેરમાં સાયરન વાગ્યું હતું, જેનાથી ગભરાઈ ગયેલા રહેવાસીઓને આશ્રય લેવાની ચેતવણી આપવામાં આવી હતી. જેસલમેરમાં મોટા વિસ્ફોટોનો અવાજ સંભળાયો હતો અને પાકિસ્તાનની સરહદે આવેલા પશ્ચિમ રાજસ્થાનના જિલ્લાઓમાં બ્લેકઆઉટ લાગુ કરવામાં આવ્યો હતો, જેનાથી આખો વિસ્તાર અંધારામાં ડૂબી ગયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિવિધ મંત્રાલયોના સચિવો સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા પણ કરી હતી અને રાષ્ટ્રીય સુરક્ષા અને પરિચાલન સજ્જતા માટે સરકારની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરતી વખતે સતત સતર્કતા અને સ્પષ્ટ સંચાર માટે હાકલ કરી હતી. જમ્મુ અને કાશ્મીરના કેટલાક ભાગોમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલાઓ ગુરુવારે રાત્રે 8.45 વાગ્યાથી લગભગ 35 મિનિટ સુધી ચાલ્યા હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

# કર્નલ સોફિયા કુરેશી બિનસાંપ્રદાયિકતાની નીતિનું જીવંત અને જ્વલંત ઉદાહરણ છે






પાકિસ્તાની આતંકવાદી ઠેકાણાંઓ પર ભારતીય સેનાના ઓપરેશન સિંદૂર પછી ભારતની મહિલા લશ્કરી અધિકારી અને ગુજરાતની દીકરી કર્નલ સોફિયા કુરેશી સમાચારમાં છે. ભારતીય સેનામાં મહિલા અધિકારીઓને કાયમી કમિશન આપવાની તરફેણમાં ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે ૨૦૨૦ માં કર્નલ સોફિયા કુરેશીની સિદ્ધિઓનો સ્વીકાર કર્યો હતો, જે બુધવારે ઓપરેશન સિંદૂર પર મિડિયાને માહિતી આપનારી બે મહિલા અધિકારીઓમાંની એક હતી. પહેલગામમાં મુસ્લિમ આતંકવાદીઓ દ્વારા હિન્દુ પર્યટકોને તેમનો ધર્મ પૂછીને ગોળી મારવામાં આવી હતી. આતંકવાદીઓ દ્વારા સ્ત્રી અને પુરુષ વચ્ચે પણ ભેદ પાડવામાં આવ્યો હતો. તેનો જવાબ આપતા હોય તેમ ભારતીય સેનાએ મિડિયાને સંબોધન કરવા માટે બે મહિલા અધિકારીને મેદાનમાં ઊતાર્યાં હતાં, જેમાંનાં એક મુસ્લિમ હતાં તો બીજાં હિન્દુ અધિકારી હતાં.

કર્નલ સોફિયા કુરેશી ભારતીય સેનામાં એક એવું નામ છે, જે જુસ્સા, મહેનત અને નેતૃત્વનું ઉદાહરણ બની ગયું છે. વડોદરામાં જન્મેલી કર્નલ સોફિયા કુરેશી ગુજરાતની વતની છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી ૧૯૯૫માં બી.એસ.સી.ની અને ૧૯૯૭માં બાયો કેમિસ્ટ્રીમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવનારી સોફિયાના પિતા અને દાદા પણ ભારતીય સેનામાં હતા. સોફિયાના પિતા તાજ મોહમ્મદ કુરેશી ૧૯૭૧માં બાંગ્લા દેશના યુદ્ધમાં સામેલ થયા હતા. સોફિયાના પિતાના નાના બ્રિટીશ લશ્કરમાં હતા અને તેમણે સૈન્યની નોકરી છોડીને ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ ભાગ લીધો હતો. માસ્ટર્સ ડિગ્રી પછી સોફિયાએ પીએચ.ડી. નો અભ્યાસ શરૂ કર્યો હતો અને કોલેજમાં લેક્ચરરની નોકરી પણ લીધી હતી. સોફિયા ૧૯૯૯માં ભારતીય સેનામાં જોડાઈ હતી. ભારત સરકારે મહિલાઓ માટે સેનામાં ભરતી કાઢી ત્યારે તેણે પીએચ.ડી. ભણવાનું છોડીને ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમી, ચેન્નાઈમાંથી તાલીમ લીધી હતી.

એક્સરસાઇઝ ફોર્સ ૧૮ હેઠળ ૧૮ દેશોની બહુરાષ્ટ્રીય સૈન્ય કવાયતમાં ભારતની બાજુનું કમાન્ડિંગ કરવાની તક મળતાં સોફિયા ચર્ચામાં આવી હતી. તે સમયે તે એકમાત્ર મહિલા હતી, જે કોઈ પણ દેશના સૈન્ય એકમનું કમાન્ડિંગ કરી રહી હતી. તેણે ૪૦ સૈનિકોની ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું હતું. ફોર્સ ૧૮ કોઈ સામાન્ય તાલીમ નહોતી. તે ASEAN પ્લસ દેશોનો બહુરાષ્ટ્રીય લશ્કરી અભ્યાસ હતો, જેમાં ૧૮ દેશોની સેનાઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત કર્નલ સોફિયા કુરેશીએ કોંગોમાં સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા કામગીરીમાં પણ ભાગ લીધો હતો. આફ્રિકન દેશ કોંગોમાં ૭૨ કલાકના સતત ઓપરેશન દરમિયાન સોફિયાએ એવી બહાદુરી બતાવી કે કંપની કમાન્ડર એટલા પ્રભાવિત થયા કે તેમને પૂછવું પડ્યું કે આ ભારતીય મહિલા સૈનિક કોણ છે? કોંગોમાં પાંચ વર્ષની એક કન્યાનું તેના પરિવાર સાથે મિલન કરાવીને તેણે શાબાશી મેળવી હતી. લશ્કરી ટુકડીએ પૂર્વ આફ્રિકામાં ૭૨ કલાકનું પડકારજનક ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. સ્વીડન, ટ્યુનિશિયા, ઉરુગ્વે જેવા દેશોના સૈનિકોનો સમાવેશ કરતી લશ્કરી ટુકડીએ ઘેરાબંધી અને શોધખોળની કામગીરી હાથ ધરવાની હતી. ભારત તેનું નેતૃત્વ કરી રહ્યું હતું. આ સમયગાળા દરમિયાન નાગરિકોના જીવ બચાવવાની જવાબદારી સમગ્ર યુનિટની હતી. ઉત્તર-પૂર્વ ભારતમાં સોફિયાના પોસ્ટિંગ દરમિયાન તેને ઘણી મહત્ત્વપૂર્ણ તકો પણ મળી. તેને પ્રથમ મહિલા લશ્કરી પોલીસના માર્ગદર્શન અને તાલીમમાં ભાગ લેવાની તક પણ મળી હતી. હરિયાણા, પંજાબ, જમ્મુ-કાશ્મીર, મધ્ય પ્રદેશ, ગુજરાત અને રાજસ્થાનના આશરે ૨૫,૦૦૦ વિદ્યાર્થીને સપ્તશક્તિ વિદ્યાર્થી યોજના હેઠળ પ્રોત્સાહન આપવાનું કામ સોફિયા કરી રહી છે. હાલમાં તે મહિલા સૈનિકોના એક યુનિટનું નેતૃત્વ કરી રહી છે. સોફિયાની બહેન સાઇના ફિલ્મોદ્યોગ સાથે સંકળાયેલી છે.

ઘણાં લોકો સોફિયા કુરેશીને મળતા પગાર અને અન્ય ભથ્થાંઓ વિશે પણ જાણવા માંગે છે. સોફિયા કુરેશીના પગારની વાત કરીએ તો તેનો મૂળ પગાર ૧,૨૧,૨૦૦ થી ૨,૧૨,૪૦૦ રૂપિયાની વચ્ચે છે. મૂળભૂત પગાર ઉપરાંત તેને ઘણાં પ્રકારનાં ભથ્થાં પણ મળે છે. મોંઘવારી ભથ્થું ફુગાવાના આધારે આપવામાં આવે છે. તેને દર મહિને લશ્કરી સેવા પગાર તરીકે ૧૫,૫૦૦ રૂપિયા મળે છે. આ રકમ બ્રિગેડિયર રેન્કથી નીચેના તમામ અધિકારીઓને આપવામાં આવે છે. બધા સૈન્ય કર્મચારીઓને રહેઠાણ માટે ઘર ભાડું ભથ્થું મળે છે. આ ઉપરાંત, જોખમી વિસ્તારોમાં કામ કરવાના આધારે ફિલ્ડ એરિયા ભથ્થું પણ આપવામાં આવે છે. તે સામાન્ય રીતે રૂ. ૧૦,૫૦૦ થી રૂ. ૨૫,૦૦૦ સુધીની હોય છે. ૩,૬૦૦ થી ૭,૨૦૦ રૂપિયા પરિવહન ભથ્થું આપવામાં આવે છે. સ્પેશ્યલ ફોર્સિસ યુનિટમાં કામ કરનારાઓને ૨૫,૦૦૦ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. સૈન્ય કર્મચારીઓને દર વર્ષે ૨૦,૦૦૦ રૂપિયા યુનિફોર્મ ભથ્થાં તરીકે મળે છે. સોફિયા કુરેશીએ કાશ્મીરના આતંકવાદ પ્રભાવિત વિસ્તારોમાં અને પશ્ચિમ બંગાળમાં યુવાનોને અને તેમાં પણ ખાસ કરીને યુવતીઓને ભણવામાં મદદ કરવા માટે વર્કશોપનું પણ આયોજન કર્યું છે. સોફિયા કુરેશીનાં લગ્ન મિકેનાઇઝ્ડ ઇન્ફન્ટ્રીના એક આર્મી ઓફિસર સાથે થયા છે.

બહુ ઓછાં લોકોને ખબર હશે કે ભારતની સર્વોચ્ચ અદાલતે પણ તેના એક મહત્ત્વના ચુકાદામાં કર્નલ સોફિયા કુરેશીનો માનભેર ઉલ્લેખ કર્યો હતો. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના પોતાના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ભારતીય સેનામાં સ્ટાફ સોંપણી સિવાય તમામ હોદ્દાઓ પરથી મહિલાઓને સંપૂર્ણ રીતે બાકાત રાખવી અયોગ્ય છે. ભારતીય સેનામાં મહિલા અધિકારીઓને કાયમી કમિશન (PC) ની મંજૂરી આપતાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે મહિલા શોર્ટ સર્વિસ કમિશન (SSC) અધિકારીઓને સ્ટાફ નિમણૂકો સિવાય કંઈ પણ મેળવવા પર સંપૂર્ણ પ્રતિબંધ સ્પષ્ટપણે ભારતીય સેનામાં કારકિર્દીની પ્રગતિના સાધન તરીકે PC આપવાનો હેતુ પૂર્ણ કરતો નથી. સર્વોચ્ચ અદાલતે ભારતીય સેનામાં મહિલા અધિકારીઓ દ્વારા પ્રાપ્ત કરાયેલી વિશિષ્ટતાઓનો પણ ઉલ્લેખ કર્યો ત્યારે કર્નલ કુરેશીની સિદ્ધિઓનું ઉદાહરણ રજૂ કર્યું હતું.

સોફિયા કુરેશીની સાથે મિડિયાને સંબોધન કરનાર વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ કોઈ સામાન્ય પાયલોટ નથી. વ્યોમિકા સિંહ વર્ષ ૨૦૦૪ માં ભારતીય વાયુસેનામાં જોડાઈ હતી. આજે વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ પાસે ૨,૫૦૦ કલાકથી વધુ હવાઈ ઉડાનનો અનુભવ છે. વ્યોમિકા સિંહે જમ્મુ-કાશ્મીર અને ઉત્તર-પૂર્વના ઘણા મુશ્કેલ વિસ્તારોમાં કામગીરી હાથ ધરી છે. વ્યોમિકા સિંહે બાળપણથી જ એટલે કે શાળાના દિવસો દરમિયાન પાઇલટ બનવાનું સ્વપ્ન જોયું હતું અને આ કારણોસર તે નેશનલ કેડર કોર્પ્સ (NCC) માં જોડાઈ હતી. અહેવાલો અનુસાર ભારતીય વાયુસેનામાં જોડાયાનાં ૧૩ વર્ષ પછી વ્યોમિકા સિંહને વિંગ કમાન્ડરનું પદ મળ્યું હતું.

સોફિયા કુરેશીનાં માતાપિતા અને ભાઈ મોહમ્મદ સંજય કુરેશી વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં રહે છે. તેમના ઘરે પત્રકારો સાથે વાત કરતાં સંજયે કહ્યું કે કર્નલ સોફિયા જ્યારે પીએચ.ડી. પૂર્ણ કરવાની અણી પર હતી ત્યારે તેણે વર્ગખંડની બહાર જોવાનું અને ભારતીય સેનાનો લીલો ગણવેશ પહેરવાનું નક્કી કર્યું હતું. તેની બહેન તેમના દાદા અને પિતાથી પ્રેરિત હતી, કારણ કે બંનેએ આર્મીમાં સેવા આપી હતી. તેમની સાથે તેમના પિતા તાજુદ્દીન કુરેશી, માતા હનીમા અને પુત્રી ઝારા પણ હતાં. પોતાની બહેન સોફિયાને ઝારા માટે રોલ મોડેલ ગણાવતાં સંજયે કહ્યું કે તેની કિશોર વયની પુત્રીએ પણ આર્મીમાં જોડાવાનું મન બનાવી લીધું છે. કર્નલ સોફિયાના પિતા તાજુદ્દીન કુરેશીએ કહ્યું કે તેમનો પરિવાર ફક્ત દેશની ચિંતા કરે છે. મને મારી દીકરી પર ગર્વ છે. મારો પરિવાર હંમેશા વયમ્ રાષ્ટ્રે જાગરણમ્ ના સિદ્ધાંતનું પાલન કરે છે. અમે પહેલાં ભારતીય છીએ અને પછી મુસ્લિમ. ગુજરાત સરકારે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે કર્નલ સોફિયાએ ૧૯૯૭માં માસ્ટર્સ ડિગ્રી મેળવી હતી અને પછી આર્મીના કોર્પ્સ ઓફ સિગ્નલ્સમાં જોડાઈ હતી. કર્નલ સોફિયાને કારણે ગુજરાતના મુસ્લિમો પણ ગર્વ અનુભવી રહ્યા છે. સોફિયા કુરેશી ભારતની બિનસાંપ્રદાયિકતાની નીતિનું જીવંત અને જ્વલંત ઉદાહરણ છે.

**કર્નલ સોફિયાના પિતા તાજુદ્દીન કુરેશીએ કહ્યું કે તેમનો પરિવાર ફક્ત દેશની ચિંતા કરે છે. મને મારી દીકરી પર ગર્વ છે. અમે પહેલાં ભારતીય છીએ અને પછી મુસ્લિમ**




















